# એક મંદિર. . .

## પ્રસ્તાવના

### ~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

ગુરુવાર, ૧૦ જુલાઈ, ૨૦૨૫ના દિવસે શુભ ગુરુપૂર્ણિમાની સવારે, હું આશ્રમના બગીચામાં થોડી મિનિટો માટે શાંત બેઠી હતી અને એ દિવસના માંગલ્ય વિશે વિચારી રહી હતી. મેં વિચાર્યું કે કેવી રીતે માનવજાતિ સદીઓથી આ દિવસની પાવનતાનું સન્માન કરતી આવી છે — આ ફક્ત એટલા માટે છે કારણ કે ઘણા સમય પહેલાં, એકવાર શિષ્યોએ તેમના શ્રીગુરુને એક પ્રશ્ન પૂછ્યો અને શ્રીગુરુએ ઉત્તર આપ્યો. (મહર્ષિ વેદવ્યાસ અને ગુરુપૂર્ણિમાના ઉદ્‌ગમની વાર્તા વાંચો.)

જ્યારે હું ગુરુ અને શિષ્ય વચ્ચેના આ અત્યંત રૂપાંતરણકારી સંબંધ પર મનન કરી રહી હતી ત્યારે મને ઇચ્છા થઈ કે હું હાલમાં સિદ્ધયોગીઓએ ગુરુપૂર્ણિમાના પોતાના અનુભવો વિશે જે લખ્યું છે તે વાંચું. તેથી મેં સિદ્ધયોગ પથની વેબસાઇટ જોઈ અને ત્યાં સ્વામી ઇંદિરાનંદ દ્વારા લિખિત ગુરુપૂર્ણિમાના અવસર પર દક્ષિણા અર્પિત કરવાના આમંત્રણ-પત્રની નીચે, ફ્લોરિડાના એક સિદ્ધયોગીનો અનુભવ વાંચ્યો. આ સહૃદયી સિદ્ધયોગીએ લખ્યું હતું :

> મને દક્ષિણાનો અભ્યાસ ખૂબ જ પ્રિય છે. આ દિવ્ય અભ્યાસથી મારું જીવન સંપૂર્ણપણે રૂપાંતરિત થઈને કૃપાનું એક મંદિર બની ગયું છે. દક્ષિણા મને આપવા અને લેવાના અદ્‌ભુત ચક્રમાં ખેંચી લે છે, જેના દ્વારા મને અનુભવ થાય છે કે મારાં શ્રીગુરુ સદૈવ મારી સાથે છે — તેઓ સતત મને શીખવી રહ્યાં છે, મારું માર્ગદર્શન કરી રહ્યાં છે, મારી રક્ષા કરી રહ્યાં છે અને મને દિવ્ય પ્રેમથી ભરી રહ્યાં છે.

*કૃપાનું એક મંદિર*, જ્યારે મેં આ શબ્દો વાંચ્યા તો મને એવું લાગ્યું કે જાણે સમય થંભી ગયો છે. હવે, કદાચ તમે વિચારી રહ્યા હશો, “ગુરુમાઈજી, શું તમે *કૃપાનું એક મંદિર, આ શબ્દો પહેલીવાર* વાંચ્યા કે સાંભળ્યા અને એટલા માટે તમે તેની શક્તિથી આટલાં પ્રભાવિત થયાં?” મારો જવાબ છે, “ના, વાત એ નથી.” એટલા માટે જ સમયનું મહત્ત્વ હોય છે, સ્થાનનું મહત્ત્વ હોય છે, વ્યક્તિનું મહત્ત્વ હોય છે, તમારા ભાગ્યનું મહત્ત્વ હોય છે, તમારાં કર્મોનાં ફળનું મહત્ત્વ હોય છે. દરેક અવસરની પોતાની શક્તિ હોય છે.

વાત એમ છે કે એ ગુરુપૂર્ણિમા મહોત્સવની સવાર હતી. એ દિવસે સવારે થોડા સમય પછી હું ભગવાન નિત્યાનંદના મંદિરમાં એક સત્સંગ કરવાની હતી. હું મહર્ષિ વેદવ્યાસની વાર્તા પર મનન કરી રહી હતી. હું ચિંતન

કરી રહી હતી કે બાબા મુક્તાનંદે કેટલીયે રીતો દ્વારા હજારો સાધકોનાં જીવનને પ્રભાવિત કર્યાં. હું મારા આશીર્વાદોનું સ્મરણ કરી રહી હતી જેના કારણે હું આટલું ધન્ય જીવન વિતાવી રહી છું.

હું કૃતજ્ઞતાની અનુભૂતિ કરાવનારી આ સ્વર્ણિમ ક્ષણોમાં નિમગ્ન હતી જ્યારે મેં *કૃપાનું એક મંદિર* આ વાક્યાંશ વાંચ્યું. એવું લાગ્યું જાણે સૃષ્ટિ બોલી ઊઠી હોય અને મેં તેને સાંભળી લીધી. એવું લાગ્યું જાણે સૃષ્ટિમાં કોઈ હિલચાલ થઈ હોય અને મેં તેને મહસૂસ કરી લીધી. એવું લાગ્યું જાણે સૃષ્ટિ જે જાણતી હતી, તેનો મને બોધ હતો. કૃપાનું એક મંદિર, હા. આપણે કૃપાના મંદિરમાં રહીએ છીએ. આપણે જ્યાં પણ ઊભા હોઈએ છીએ, આપણે જ્યાં પણ બેસીએ છીએ, આપણે જ્યાં પણ ધ્યાન કરીએ છીએ, આપણે જ્યાં પણ ચાલીએ છીએ, વાત કરીએ છીએ અને કામ કરીએ છીએ, ત્યાં તે પ્રગટ થઈ જાય છે.

મને આ મંદિરનો એક વિલક્ષણ અનુભવ થઈ રહ્યો હતો અને મારા મનમાં આ શબ્દો સંભાળાઈ રહ્યા હતા, **એક મંદિર...** ત્યારે જ અચાનક મને પ્રકાશ દેખાયો. તેથી મેં મનમાં ને મનમાં કહ્યું, “એક મંદિર પ્રકાશનું. પ્રકાશ. *પ્રકાશ.* કેટલો સુંદર શબ્દ છે — *પ્રકાશ!* કૃપાનો પ્રકાશ મારા પર છવાઈ ગયો છે. હું પ્રકાશ છું.”

જ્યારે હું આ બોધ સાથે થોડો સમય સુધી રહી તો મારી અંદર પ્રકાશ *(અંગ્રેજીમાં ‘લાઇટ’)* અને તેની સાથે જોડાયેલા શબ્દો વિશે બીજા કેટલાક વિચારો ઊઠવા લાગ્યા. મને પ્રસન્નતાનો *(અંગ્રેજીમાં ‘લાઇટહાર્ટેડનેસ’નો)* વિચાર આવ્યો. લવચીકતા. હળવાશ અનુભવવી એટલે કે ભારે બોજો રાખીને ન રહેવું. *(અંગ્રેજીમાં ‘બીઇંગ લાઇટ’*ના અર્થમાં લાઇટ એટલે પ્રકાશ પણ થાય છે અને હળવાશ પણ થાય છે.) તો હું પ્રકાશના એક મંદિરમાં હતી.

*કૃપાનું એક મંદિર*, આ વાક્યાંશથી મારા અંતરમાં જે પ્રગટ થયું તેના વિશે હું ઘણું બધું કહી શકું છું. પરંતુ, કારણ કે આ વર્ષ ૨૦૨૫ માટે મારો સંદેશ છે, *તમારા સમયને તમારા માટે લાભપ્રદ બનાવો,* તેથી મારા અનુભવનું વર્ણન કરવાનું અહીં જ રોકીને હું તમને જણાવવા માગું છું કે બડે બાબાના મંદિરમાં એ સત્સંગ દરમ્યાન શું થયું.

મેં નક્કી કર્યું કે હું સત્સંગમાં સિદ્ધયોગીઓને પૂછીશ કે તેઓ **એક મંદિર...** આ વાક્યાંશને કેવી રીતે પૂરો કરશે. તેઓ કયા સંકલ્પોને સાકાર કરવા માગશે? હું ઇચ્છતી હતી કે દરેક વ્યક્તિ પોતાના જીવનની કલ્પના એક મંદિરના રૂપમાં કરે — એક એવા મંદિરના રૂપમાં કરે જે એ સદ્‌ગુણથી સંપન્ન હોય, જે વર્તમાન ક્ષણમાં તેમના માટે અર્થપૂર્ણ હોય.

એટલા માટે, સત્સંગની શરૂઆતમાં મેં સત્સંગના એક સહભાગીને સિદ્ધયોગ પથની વેબસાઇટ પરથી એ અનુભવ વાંચી સંભળાવવા માટે કહ્યું જે મને ખૂબ જ પ્રેરણાદાયી લાગ્યો હતો. તેણે ખૂબ જ સુંદરતાથી એ વાંચીને સંભળાવ્યો અને પછી મેં એ દિવસે સવારે મને જે અનુભવ થયો હતો તેના વિશે થોડી વાત કરી. પછી મેં સહભાગીઓને કહ્યું કે *તેઓ* કેવા પ્રકારના મંદિરની રચના અને અનુભૂતિ કરવા માગે છે, એ બધાંને જણાવે.

ઘણાં બધાં લોકો પોતાના શ્રીગુરુની આજ્ઞા પૂરી કરવા માટે ઉત્સુક હતાં. આ શિષ્યોએ તરત જ તેમના વિચારો કહ્યા કે તેઓ પોતાના માટે કેવા મંદિરનું નિર્માણ કરશે. એ દૃશ્ય કેટલું સુંદર હતું! કેટલું મધુરતાભર્યું હતું, બધાંનાં

હૃદયથી નીકળતાં વિચારો અને ભાવનાઓના આલિંગનમાં રહેવું — ગુરુપૂર્ણિમાનાં દિવસે, આ રીતે બડે બાબાના મંદિરમાં બેસવું, સત્સંગનાં સ્પંદનોમાં, બડે બાબાના સાન્નિધ્યમાં, સિદ્ધયોગ શિષ્યોની વચ્ચે બેસવું. તમે તેને જાદુઈ કહી શકો છો. નિશ્ચિતપણે, તે કૃપાથી પૂરિત હતું.

**એક મંદિર...** ના વૈભવની અનુભૂતિની આ બીજી લહેર પછી મને મહસૂસ થયું કે હું ગુરુપૂર્ણિમાના આ ઉપહારને વૈશ્વિક સિદ્ધયોગ સંઘમ્‌માં દરેકની સાથે વહેંચવા માગું છું. તેથી મેં એ લોકોને કહ્યું કે તેઓ આ વિષય પર ચિંતન કરવાનું ચાલુ રાખે અને **એક મંદિર...** ને સંબંધિત તેમના સંકલ્પ સિદ્ધયોગ પથની વેબસાઇટને મોકલે. મેં વચન આપ્યું કે વિશ્વભરમાં દરેકની સાથે વહેંચવા માટે હું તેમાંથી કેટલાક સંકલ્પને પસંદ કરીશ.

સત્સંગમાં જ્યારે બધાંએ આ વાત સાંભળી તો તેમનો ઉત્સાહ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો હતો. અને થોડા જ સમયમાં, **એક મંદિર...** ને સંબંધિત સો કરતાં પણ વધારે સંકલ્પ વેબસાઇટને મોકલવામાં આવ્યા!

તેમાંથી આ વીસ સંકલ્પ છે જેને મેં તમારા બધા માટે પસંદ કર્યાં છે. અલબત્ત, તમે **એક મંદિર...** ને સંબંધિત તમારો પોતાનો સંકલ્પ પણ લખી શકો છો અને જો તમે ઇચ્છો તો એ સંકલ્પને બીજાં એવાં લોકોને જણાવી શકો છો જેમને એ સાંભળીને લાભ થઈ શકે.

પરમ દેવી, દિવ્ય શક્તિને સમર્પિત નવરાત્રિના ઉત્સવનો આરંભ કરતી વખતે, આવો આપણે તેમની ઉપસ્થિતિની અનુભૂતિ કરીએ — દરેક પાંદડામાં, દરેક પથ્થરમાં, પાણીના દરેક ટીપામાં, ધૂળના દરેક કણમાં, ભોજનના દરેક કોળિયામાં, એક સ્મિતથી પ્રસરિત દરેક કિરણમાં, દરેક મધુર શબ્દમાં, દરેક દયાળુ કૃત્યમાં, હવાની દરેક સુગંધિત લહેરમાં. આવો આપણે એ દરેક વસ્તુમાં તેમની ઉપસ્થિતિને ઓળખીએ જે આપણને આપણી અંતર્જાત સ્વતંત્રતાનો અનુભવ પ્રદાન કરે છે.

*સદ્‌ગુરુનાથ મહારાજ કી જય*

**~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ**

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.